# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/122 Dt. 04/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ટૂંક સમયમાં International Precious Cargo Operations શરૂ કરવા માટે વધુ એક રજૂઆત

## દર વર્ષે અંદાજે 10-12 બિલિયન યુએસ ડોલરના હીરા અને જ્વેલરીના આયાત-નિકાસની સંભાવનાઓ છે તે બાબત એરપોર્ટ ઓથોરીટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ SGCCI દ્વારા ૧૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ Airport Authority of India (AAI), AAICLASના CEO શ્રી અજય ભારદ્વાજ અને સુરત એરપોર્ટ ડિરેક્ટર શ્રી એ.એન. શર્માને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી International Precious Cargo Operations (Import-Export) શરૂ કરવા માટે વિગતવાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

તે પહેલાં, ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ, ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા સહિત ઓફિસ બેરર્સના નેતૃત્વ હેઠળ, ચેમ્બરની એવિએશન એન્ડ એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ દ્વારા એર ઇન્ડિયા કાર્ગો ટીમ જેમાં શ્રી શેખર મોહંતી, શ્રી સંજીવ શર્મા અને શ્રી જોશુઆ ફર્નાન્ડિઝને સુરતમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સ, સુરત ડાયમંડ બુર્સ, SDB કસ્ટમ હાઉસ તેમજ સુરત કસ્ટમ્સના અધિકારી શ્રી અનુનય ભાટી (હજીરા કચેરી) અને એરપોર્ટ કસ્ટમ્સ ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોકત મિટીંગમાં સુરતમાંથી સીધી આંતરરાષ્ટ્રીય કાર્ગો મૂવમેન્ટની તાતી જરૂરિયાત, કિંમતી માલ માટે સ્ટ્રોન્ગ રૂમની આવશ્યકતા, એક્ષ્પોર્ટસ માટે ઝડપી અને ખર્ચ-અસરકારક લોજિસ્ટિક્સ તથા સુરતને ભારતનું ભાવિ Precious Cargo Hub બનાવવા અંગે ચર્ચા થઈ હતી.

દરમ્યાન ગતરોજ તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ આ પ્રસ્તાવને ચેમ્બરની એવિએશન એન્ડ એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ તથા ચેમ્બરના ગ્રુપ ચેરમેન અને GJEPC (Gem & Jewellery Export Promotion Council) ગુજરાતના રીજનલ ચેરમેન શ્રી જયંતિ સાવલિયાએ પુરાવાદાર આંકડાઓ સાથે વધુ મજબૂત બનાવ્યો હતો. દર વર્ષે અંદાજે 10–12 બિલિયન યુએસ ડોલરના હીરા અને જ્વેલરીના આયાત-નિકાસની સંભાવનાઓ છે તે બાબત એરપોર્ટ ઓથોરીટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. સાથે સાથે, પેસેન્જર ટર્મિનલ બિલ્ડીંગ ખાતે ડેડીકેટેડ સ્ટ્રોન્ગ રૂમની સુવિધા ઉભી કરવાની તાત્કાલિક જરૂરિયાતને પણ ઉજાગર કરવામાં આવી હતી.

આ પ્રસ્તાવના આરંભિક તબક્કામાં ભૂતપૂર્વ AAICLAS CEO શ્રી કેકુ ગુઝદરનું માર્ગદર્શન પણ મહત્વપૂર્ણ સાબિત થયું હતું. અધિકારીઓ તરફથી મંજૂરી મળ્યા બાદ આ પ્રસ્તાવની અમલવારી સુરતના એક્ષ્પોર્ટર્સ માટે ગેમ ચેઇન્જર સાબિત થશે અને સુરતની ગ્લોબલ કનેકટીવિટીને એક નવી ઊંચાઈ આપશે.